# ઉદ્યોગોના પ્રશ્નોના નિરાકરણ માટે તા.૨૦-૪-૨૦૨૩ ના રોજ માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજીની અધ્યક્ષતામાં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ હોય રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગોને લગતા પ્રશ્નો મોકલી આપવા અનુરોધ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર-ઉધોગના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉધોગોના પ્રશ્નોનું યોગ્ય અને ઝડપી નિરાકરણ લાવવા માટે રાજકોટ ખાતે ઓપન હાઉસ યોજવા રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી. તેના ફળ સ્વરૂપે રાજયના ઉધોગમંત્રીશ્રી બળતસિંહ રાજપુતજીની અધ્યક્ષતામાં તા.૨૦-૪-૨૦૨૩, ગુરૂવારના રોજ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ છે. આ ઓપન હાઉસ ખાતે રાજયના કેબીનેટ મંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી ઉદયભાઈ કાનગડ, ડો.શ્રીમતી દર્શિતાબેન શાહ પણ ઉપસ્થિત રહેશે.

આ માટે ઉધોગકારોને કોઈપણ પ્રશ્નો કે સમસ્યા હોય તો તે લેખિતમાં રૂબરૂ રાજકોટ ચેમ્બર ઓફિસ, સેન્ટર પોઈન્ટ,કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે અથવા ઈ-મેઈલ: rajkotchamber@yahoo.co.in પર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.